# કેજરીવાલ મુખ્યમંત્રી તરીકે શનિવારે શપથ લેશે



## કેજરીવાલની સાથે એએપીના અન્ય છ સભ્યો પણ શપથ લેશે : ઐતિહાસિક રામલીલા મેદાનમાં બપોરે ૧૨ વાગે શપથવિધિ માટેનો કાર્યક્રમ યોજાશે : તારીખ અંગે મુખ્ય સચિવની કેજરીવાલ સાથે ચર્ચા બાદ જાહેરાત

નવી દિલ્હી,તા.૨૫

કાર્યકરમાંથી રાજકારણી બનેલા અરવિંદ કેજરીવાલ ઐતિહાસિક રામલીલા મેદાન ખાતે શનિવારના દિવસે દિલ્હીના સાતમા મુખ્યમંત્રી તરીકેની શપથ લેશે. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. મુખ્ય સચિવ ડીએમ સ્પોલીયા સાથે અરવિંદ કેજરીવાલ દ્વારા યોજવામાં આવેલી બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અરવિંદ કેજરીવાલની સાથે છ કેબિનેટ પ્રધાનો પણ શપથ લેશે. વાતચીત બાદ જાહેરાત કરવામાં આવી હતી કે, કેજરીવાલ શનિવારે બપોરે ૧૨ વાગે મુખ્યમંત્રી તરીકેની શપથ લેશે. દિલ્હીમાં આપની સરકારના શપથની તારીખને લઈને અટકળો ચાલી રહી હતી. રાષ્ટ્રપતિની મંજૂરી સાથે સંબંધિત પત્ર મળ્યા બાદ ઉપરાજ્યપાલ દ્વારા તારીખો પર ચર્ચા કરવા માટે મુખ્ય સચિવને

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ 'સંસાર-સમુદ્ર'માંથી જે લેવા ચાહે છે, તે ડૂબી જાય છે અને જે આપવા ચાહે છે તે તરી જાય છે

- અમૃતબિંદુ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૮૫ | ૨૬ ડિસેમ્બર, ૨૦૧૩, ગુરુવાર; માગશર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

### મોદી ૨૦૧૩માં ન્યુઝમેકર તરીકે ભારતભરમાં છવાયા

વર્ષ ૨૦૧૪માં યોજાનારી



લોકસભાની ચૂંટણી માટે ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા બાદ નરેન્દ્ર મોદી ૨૦૧૩ના સૌથી મોટા ન્યુઝ મેકર રહ્યા છે. તેઓએ બિઝનેસ લક્ષી સમુદાયમાં નવી આશા જગાવી છે. ૧૩મી સપ્ટેમ્બરે ભાજપે તેમને વડાપ્રધાન પદના ઉમેદવાર ઘોષિત કર્યા હતા.

### ૨૬મીથી ગાંધીધામ-વિશાખા પટ્ટનમ ટ્રેન શરૂ

ભારતીય રેલ્વેએ કચ્છ-સૌરાષ્ટ્રને સાપ્તાહિક ગાંધીધામ-વિશાખા પટ્ટનમ ટ્રેનની ભેટ આપી છે. પ્રથમ સ્પેશીયલ ટ્રેન ૨૬મી



ડિસેમ્બરથી શરૂ થશે. આ માટેની તમામ તૈયારીઓ શરુ થઈ ગઈ છે. પ્રથમ સ્પેશીયલ ટ્રેન ગુરુવારે ગાંધીધામથી ૨૨.૪૫ વાગે ઉપડીને શનિવારે ૧૪.૩૫ વાગે વિશાખા પટ્ટનમ પહોંચશે. કચ્છના પ્રવાસીઓને આ નવી ખાસ ટ્રેનથી રાહત થઈ છે. સૌરાષ્ટ્રના ઉતારૂઓ માળીયામીયાણા, વિરમગામ, અમદાવાદથી આ ટ્રેનનો લાભ લઈ શકશે.

### ઋત્વિક ફરી શુટીંગ માટે સજ્જ

મગજની શસ્ત્રક્રિયા અને તે પછી પત્નિ સુઝેન સાથે હાલમાં જ છુટાછેડા પછી ઋત્વિક રોશન ફિલ્મી



સેટ પર પારત ફરવા સજ્જ છે. શારિરીક અને માનસિક કટોકટીના દિવસોમાંથી બહાર નીકળીને આગામી ફિલ્મ 'બગૈબેગ'નું શુટીંગ ૨૦૧૪થી શરૂ થશે. ઋત્વિક હાલમાં જ મેડિકલ તપાસ કરાવી અમેરિકાથી પરત ફર્યો છે. 'બગૈબેગ' ઋત્વિક સાથે કેટરીના છે.







નાતાલની ઉજવણી - ગાંધીનગર સહિત ગુજરાતભરમાં નાતાલની ઉજવણી ઉલ્લાસપૂર્વક થઈ હતી... વિવિધ દેવળોમાં વહેલી સવારથી પ્રાર્થનાના કાર્યક્રમો યોજાયા હતા. ભગવાન ઈસુના સંદેશનું વાંચન થયું હતું. શુભેચ્છાની આપ-લે સાથે સૌ ક્રિશ્ચિયન પરિવારોએ ઉલ્લાસપૂર્વક નાતાલ મનાવી હતી. *(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)*

# જિલ્લામાં આધારકાર્ડની મંથર ગતિએ કામગીરી

## જિલ્લા કલેકટરે પત્ર લખી એજન્સીની નબળી કામગીરીને લઈ નારાજગી વ્યકત કરી છે; એજન્સી કીટ અને કર્મચારીઓ પુરતી સંખ્યામાં નહિ ફાળવતાં લોકોમાં પણ રોષ; કાર્ડની પહોંચ છે પણ કાર્ડ નહિ મળ્યાની ફરિયાદો અસંખ્ય પ્રમાણમાં; અમદાવાદના લોકો ગાંધીનગરમાં કાર્ડ માટે ધસારો કરે છે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આધાર કાર્ડ આપવાની નબળી કામગીરીને લઈ જિલ્લા કલેકટરશ્રીએ સખ્ત નારાજગી વ્યકત કરી છે. જિલ્લામાં ૪૦ ટકા જેટલી જ કામગીરી હજુ સુધી થઈ છે.

આધાર કાર્ડ માટે જિલ્લા કલેકટર કચેરીએ પ્રારંભમાં જુદા જુદા સેકટરોને આવરી લેતા વિશેષ કેમ્પોનું આયોજન કર્યું હતું પરંતુ આ પછી કામગીરીમાં જે ગતિ આવવી જોઈએ તેટલી ગતિ આવી નથી. આથી જિલ્લા કલેકટર ડૉ. સ્વરૂપે એજન્સીની કામગીરીને લઈ સખ્ત નારાજગી વ્યકત કરી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે જેટલી સંખ્યામાં કીટો ફાળવવી જોઈએ તેટલી કીટો પણ એજન્સી દ્વારા પુરી પાડવામાં આવી નથી એટલું જ નહિ પરંતુ આ માટે જેટલી સંખ્યામાં કર્મચારીઓ ફાળવવા જોઈએ તેટલા કર્મચારીઓની ફાળવણી પણ કરવામાં નહિ આવતાં આ કામગીરી અત્યંત મંથર ગતિએ ચાલી રહી છે.

ગાંધીનગરમાં ગ્રાહકોને ગેસની સબસીડી માટેની યોજનાનો લાભ આપવાનું આયોજન આગામી એપ્રિલ ૨૦૧૪થી અમલી બને તેવા નિર્દેશો મળતાં જ દેના બેંક દ્વારા પણ ખાસ આધારકાર્ડ માટે કેન્દ્ર પણ શરુ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સચિવાલય મહાનગરપાલિકા અને કલેકટર કચેરી ખાતે આ કેન્દ્રો કાર્યરત છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૧૩ લાખથી વધુની વસ્તી છે. જિલ્લામાં ૪ નગરો, ૧ મહાનગર તેમજ ૨૯૫ જેટલા ગામડા છે. આ માટે ૧૦૦થી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં પ્રથમવાર ઉપકુલપતિ પરિષદ

ગાંધીનગર, તા.૨૫

શિક્ષણ ધામ તરીકે વિકાસ પામેલા ગાંધીનગર શહેરમાં પશ્ચિમ ભારતની તમામ યુનિવર્સિટીઓ/વિશ્વ વિદ્યાલયોના ઉપકુલપતિઓનો એક પરિષદ યોજાશે. આગામી તા. ૨૩-૨૪ જાન્યુઆરીના રોજ કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યજમાનપદે યોજાનાર આ પરિષદ ગાંધીનગરના શિક્ષણ જગત માટે ખુબ મહત્વનો બની રહેશે.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયના યજમાન પદે યોજાનાર પરિષદમાં રોજગાર અને શિક્ષણ ક્ષેત્રે વધી રહેલા પડકારોનો સામનો કઈ રીતે કરી શકાય અને યુનિ.ઓના અભ્યાસક્રમોને વધુ મજબુત બનાવવા વિચાર-વિમર્શ કરાશે

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા કેટલાક વર્ષોથી સમસ્યાઓ વધતી જાય છે. વૈશ્વિક હરિફાઈમાં ટકવા અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ યુવાનોને રોજગારીની મહત્તમ તકો પ્રાપ્ત થાય તે માટે ઉચ્ચ શિક્ષણના માળખામાં ફેરફાર કરવો જરુરી બન્યો છે. ઉચ્ચ શિક્ષણની આજની સ્થિતિ, તેમાં કેવા પ્રકારના ફેરફારોને અવકાશ છે, સ્કિલ ડેવલપમેન્ટ તથા નવા અભ્યાસક્રમ અંગે ચર્ચા કરવા પશ્ચિમ ભારતની તમામ યુનિ.ઓ-વિશ્વ વિદ્યાલયોના ઉપકુલપતિઓનો બે દિવસીય પરિષદ આગામી તા. ૨૩-૨૪ જાન્યુઆરીના રોજ યોજાશે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યજમાન પદે યોજાનાર આ પરિસંવાદ ગાંધીનગરના શિક્ષણ જગત માટે ખુબ મહત્વનો બની રહેશે. ગુજરાતની તમામ નાની-મોટી યુનિવર્સિટીઓ ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને દિવ-દમણ-ગોવાની યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ આ પરિસંવાદમાં ભાગ લેવા માટે પ્રથમવાર જ ગાંધીનગરના મહેમાન બનશે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં આ પરિસંવાદ માટેની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

ભારતભરની ગૃહ વપરાશની વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ એક જ સ્થળે
ગુજરાત ઉત્સવ હેન્ડલુમ હેન્ડીક્રાફ્ટ
શોપીંગ ફેસ્ટીવલ • ફ્રી એન્ટ્રી • ફ્રી પાર્કીંગ
સહરાનપુર ફર્નિચર, આયરન ફર્નિચર, બોમ્બે ફેન્સી ફર્નિચર, કલકત્તી સાડી, મેરઠની ખાદી-શર્ટ બોમ્બેની ફેન્સી ચંપલ, કશ્મીરી ડ્રેસ, શાલ, સાડી, બોમ્બે અને જયપુરી ટોપ- સ્કર્ટ - કુર્તિ, લેગીન્સ, જયપુરી બેંગલ્સ-મોજડી, ચંપલ, ભદોઈની કાર્પેટ, બોમ્બેની ફેન્સી જવેલરી, સોફા કવર, પડદા, 3D ફોટા- પેઈન્ટીંગ, જ્યુટ બેગ, બોમ્બે પર્સ, ટોઈઝ, મુખવાસ, જડીબુટ્ટી, કન્ઝ્યુમર, હેલ્થકેર પ્રોડક્ટ વગેરે અને ખાણી-પીણીના સ્ટોલ-ચિલ્ડ્રન રાઈડસ, ટેરાકોટા, કોકરી વગેરે...
પ્રદર્શનની તારીખ ૧૫-૧૨-૨૦૧૩ થી તા.૫-૧-૨૦૧૪ સુધી સમય : સવારે ૧૧ થી રાત્રીના ૧૦
સ્થળ : સેકટર-૬, સહિયર ગરબા ગ્રાઉન્ડ, પેટ્રોલ પંપની પાસે, ગાંધીનગર.

GPSC-1/2 PSI કલાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૧૬ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ગુજરાત સરકાર તથા બેંકમાં નોકરી માટે વિશાળ ભરતી
તલાટી-૩૧૦૦ જગ્યાઓ
GPSC-વર્ગ-1-2, કુલ 800 જગ્યાઓ
Bank Clerk અને Officer માટેની 20,000 જગ્યાઓ માટે
Free માર્ગદર્શક સેમિનાર
સેમિનાર તારીખ : ૨૯-૧૨-૨૦૧૩, રવિવાર
સમય : સવારે ૧૦-૦૦ વાગ્યે
નિષ્ણાત તથા GPSC-UPSCમાં સફળ અધિકારીઓ દ્વારા માર્ગદર્શન
શિલ્પ CAREER ACADEMY
તૃપ્તિ આઈસ્ક્રીમ પાર્લર સામે, Axis Bank ઉપર, સેકટર-૧૬, ગાંધીનગર
Contact : 94269 44899, 99985 75255
ફોનથી રજીસ્ટ્રેશન કરાવવું

R WORLD BIG Cinemas
BLOCKBUSTER



R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Dhoom 3 (U/A) - 9.00, 11.00, 11.30 am, 12.15, 2.30, 3.00, 3.30, 6.00, 6.30, 7.00, 9.30, 10.00 & 10.30 pm
*schedule subject to change
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

નમ્ર વિનંતી
દરેક બેચમાં મર્યાદીત સંખ્યાને પ્રવેશના સંસ્થાના સિધ્ધાંતને કારણે
તા. 17-12-2013 થી શરૂ થયેલ બેચમાં તથા અગાઉની તમામ બેચમાં
પ્રવેશ સંપૂર્ણ બંધ છે



આપ સર્વેએ સંસ્થામાં મૂકેલ વિશ્વાસ તથા આપેલ સહકાર બદલ આપ સૌનો અંતઃકરણ પૂર્વક આભાર. —આપનો ઋણાનુંરાગી
રાજુભાઈ પટેલ
વિવેકાનંદ એકેડમી M:9925698721
677, બીજે માળ, ઈન્કવાયરીની સામે, મેઈન શોપીંગ સેન્ટર, સેકટર-૨૨, ગાંધીનગર





www.ramdevfood.com
www.facebook.com/RamdevFood